# આણંદ કૃષિ યુનિવર્સિટી

## – પ્રવેશ અંગેની જાહેરાત –

આણંદ કૃષિ યુનિવર્સિટીના આણંદ કેન્દ્ર ખાતે "**વ્યવસાયિક મરઘાં ફાર્મ તાલીમ**" (**Training in Commercial Poultry Farming**) નો દશ અઠવાડિયાનો તાલીમ વર્ગ **તારીખ ૦૧.૧૦.૨૦૧૨** થી શરૂ કરવામાં આવનાર છે. આ તાલીમ વર્ગમાં મરઘાં ઉછેરનો ધંધો કરતા અથવા ધંધો શરૂ કરવા ઈચ્છતા ઉમેદવારોએ ઓછામાં ઓછું ધોરણ–૦૭ (સાત) પાસ થયેલ હોય અને જેમની વય મર્યાદા ૧૬ થી ૫૦ વર્ષ સુધીની હોય તેમને કેન્દ્રની દાખલ શકિતની મર્યાદામાં રહી નિયમાનુસાર પ્રવેશ આપવામાં આવશે. સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રહેશે. પ્રવેશ મેળવવા માટેનું નિયત અરજીફોર્મ/સૂચિપત્ર "પ્રિન્સીપાલ સાયન્ટીસ્ટ અને વડાશ્રી, મરઘાં ઉછેર તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮૧૧૦" પાસેથી મળી શકશે. આ માટે **રૂા.૨૦/– (વીસ)** રૂબરૂમાં અથવા મનીઓર્ડરથી **રૂા.૨૫/– (પચ્ચીસ)** મોકલવાના રહેશે. પ્રવેશ મેળવવા માટેનું અરજીફોર્મ સંપૂર્ણપણે ભરીને ઉપર જણાવેલ આણંદના સરનામે **તારીખ ૨૦.૦૯.૨૦૧૨** સુધીમાં પહોંચે તે રીતે મોકલી આપવાનું રહેશે. પ્રવેશ અંગેની વધુ માહિતી મેળવવા માટે ફોન નં. (૦૨૬૯૨) ૨૬૨૩૫૨ ઉપર સંપર્ક કરવાથી મળી શકશે.

**પી. પી. પટેલ**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**